# રેલવે બજેટથી ઉત્તર ગુજરાતમાં ભારે નારાજગી

મહેસાણા, તા. ૨૭

કેન્દ્રના રેલવે પ્રધાન પવનકુમાર બંસલે રજૂ કરેલ રેલવે બજેટમાં ઉત્તર ગુજરાતના શહેરો માટે કોઈ ટ્રેનો શરૂ ન કરાતા અમદાવાદ પડી રહેતી મહત્વની એકસપ્રેસ ટ્રેનોના રૂટ લંબાવવામાં ન આવતાં તેમજ પાછલા બારણેથી ટિકિટ સહિતમાં સરચાર્જ અને વધારાના ચાર્જીસ લાગુ કરવામાં આવતા મુસાફર જનતામાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

રેલવે બજેટમાં ઉત્તર ગુજરાતને ટ્રેન સુવિધા ઉપલબ્ધ થાય તેમજ અમદાવાદ રેલવે સ્ટેશને પડી રહેતી કેટલીક લાંબા અતંરની એકસપ્રેસ ટ્રેનોને પાલનપુર કે આબુરોડ સુધી લંબાવવામાં આવે તેવી લોકોની અપેક્ષા હતી. પરંતુ રજુ થયેલ રેલવે બજેટમાં ઉત્તર ગુજરાતને માટે નવી કોઈ ટ્રેન ફાળવવામાં આવી નથી તેમજ કોઈ ટ્રેનને લંબાવવામાં પણ આવી નથી.

આમ ઉત્તર ગુજરાતને ઠેંગો દેખાડવામાં આવતા ઉ.ગુ.ની જનતાની આશાઓ નિરાશામાં પલટાઈ છે. આ ઉપરાંત યાત્રી ભાડામાં સીધી રીતે વધારો નહીં કરીને પાછલા બારણેથી ટિકિટ પર સરચાર્જ, તત્કાલ, સ્લીપર અને સુપરફાસ્ટ ટ્રેનોના ભાડામાં ચાર્જ વધારી દેતાં મુસાફરોમાં નિરાશા વ્યાપી છે.

# ડીસા કોર્ટ સંકુલ આગળ અંગત અદાવતે આધેડની હથોડો મારી કરાઈ ઘાતકી હત્યાં

## દીકરી પર કહેવાતા ત્રાસ મામલાની ફરીયાદે હાજર પિતા દ્વારા વેવાઈ પર હુમલો કરાતાં વૃધ્ધનું મોત

ડીસા, તા. ૨૭

ડીસા કોર્ટ સંકુલ આગળ આજે બપોરના સમયે એકજ સમાજના અને સગપણે વેવાઈ બનેલા ઈસમે પોતાની દિકરી દ્વારા સાસરીયાઓ પર કરાયેલી ત્રાસની ફરીયાદમાં બંન્ને પક્ષોએ હાજરી આપી હતી, જોકે કોઈ કારણોસર પોતાની દિકરીને કહેવાતો ત્રાસ આપતાં સસરા પર ગુસ્સો આવતાં યુવતીના પિતાએ યુવતીનો પક્ષ લઈ તેના સસરાના માથામાં લોખંડના હથોડા વડે ફટકા માર્યા હતાં. જેનાથી આધેડ એવા વૃધ્ધને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેઓ લોહી લુહાણ હાલતમાં કોર્ટ આગળજ ફસડાઈ પડ્યા હતાં. હુમલો કરી હુમલાખોર ભાગી છુટ્યા હતાં. જ્યારે હુમલામાં ઘાયલ આધેડને સારવાર અર્થે ડીસા સિવિલ અને તે બાદ મહેસાણા ખાતે લઈ જવાતાં રસ્તામાંજ તેમનું કરૂણ મોત થયું હતું. કોર્ટ સંકુલ આગળજ ધોળે દિવસે આધેડની ઘાતકી હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી હતી.

આ ચકચારી ઘટનાની પ્રાપ્ત વિગતો જોતા આજરોજ બુધવારના બપોરના સમયે ડીસા કોર્ટમાં પોતાની પુત્ર વધુએ કરેલા ત્રાસની કહેવાતી ફરીયાદ મામલે દલપતભાઈ ભાઈચંદભાઈ મકવાણા રહે. જુનાડીસા તા. ડીસાવાળાઓ હાજર રહ્યા હતાં. સામપક્ષે પોતાની દિકરીની ફરીયાદના સમર્થનમાં તેના પોલીસ ખાતામાંથી નિવૃત થયેલ પિતા પરષોત્તમભાઈ જીવરામભાઈ મકવાણા રહે, મોટા, તા. ડીસાવાળાઓ પણ કોર્ટમાં આવ્યા હતાં. તે સમયે કોઈ અગમ્ય કારણોસર પોતાની દિકરીના સસુર એવા દલપતભાઈ પર તેમના વેવાઈ પરષોત્તમભાઈ ઉશ્કેરાયા હતાં. અને ઉશ્કેરાટમાં તેઓએ કોર્ટ આગળ લુહારી કામ કરતાં શ્રમજીવીના ઓજારો પૈકી હથોડો ઉઠાવી દલપતભાઈ મકવાણાના માથામાં ફટકા મારતાં દલપતભાઈ લોહી લુહાણ હાલતમાં કોર્ટ શકુલ આગળજ ફસડાઈ પડ્યા હતાં. જ્યારે બીજી તરફ હુમલાખોર હુમલો કરી ભાગી છુટ્યા હતાં. જે બાદ કોર્ટ પાસેના સ્થાનિકો દ્વારા ઘાયલ દલપતભાઈ મકવાણાને ડીસાની સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડાયા હતાં. જ્યાંથી તેમને ફર્જ પરના તબીબે મહેસાણા રીફર કરતાં રસ્તામાંજ તેઓનું કરૂણ મોત થયું હતું. આ મામલે ડીસા શહેર પોલીસે હુમલા ખોર વિરૂધ્ધ ખુનનો ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરેલ છે. જ્યારે ધોળા દિવસે કોર્ટ શંકુલ સામેજ હત્યાનો બનાવ બનતાં કોર્ટ શંકુલમાં સન્નાટો છવાયો હતો.



# ઊંઝા માર્કેટ યાર્ડમાં જીરા અને વરીયાળીની વધતી આવક

ઊંઝા, તા. ૨૭

વેપારી મથક ઊંઝા ગંજબજારમાં સિઝન શરૂ થતાં રવિપાકો જેવા કે જીરૂં, વરિયાળી, રાયડોની નવા માલોની આવકો દિનપ્રતિદિન વધી રહી છે. સ્થાનિક બજારમાં સૌરાષ્ટ્રમાંથી મસાલાની ચીજ જીરૂની આવક વધીને ૨૦ થી ૨૫ હજાર બોરી થઈ છે. જયારે રાજસ્થાનના આબુરોડ વિસ્તારમાંથી વરિયાળીની દરરોજ સાતથી આઠ હજાર બોરી સુધીની નવી આવકો થાય છે જે આગામી દિવસોમાં વધશે તેમ જણાય છે. મસાલાની ચીજો જીરૂ, વરિયાળી અને રાયડોની વધતી જતી આવકો સામે દેશની લોકલ ઘરાકી ઓછી છે. આ સાથે પરદેશની માંગ પણ હજી નીકળી નથી. જેના કારણે ભાવોમાં ઢીલાશ જણાય છે.

વેપારી સૂત્રોના જણાવ્યા મુજબ આ વર્ષે ગુજરાત અને રાજસ્થાનમાં જીરાનું સારું વાવેતર થયું હતું. આથી ઉત્પાદન પણ સારું થવાની ધારણા રખાય છે. હાલ નવા જે માલો આવે છે તેની કવોલીટી સારી છે. સામાન્ય રીતે દર વર્ષે ૧૫ ફેબ્રુઆરી બાદ દેશાવરોની સિઝનલ ઘરાકી નીકળતી હોય છે. પરંતુ ચાલુ સાલે ફેબ્રુઆરીની આખરમાં પણ નવી ઘરાકી નીકળી નથી. આ જોતાં દેશના જુદા જુદા સેન્ટરોમાં વેપારીઓ પાસે જૂના માલો પડયા છે તેવું ચર્ચાય છે.

દરમિયાન વરિયાળીની નવી આવકો સામે ઘરાકી રહેતાં તેના ભાવ ઉંચા રહ્યા છે. જયારે જૂના માલોની ઓછી લેવાલને લીધે ભાવમાં નરમાઈ થઈ છે.

ઉત્તર ગુજરાતમાંથી રાયડોના નવા માલની ધીમી આવકનો પ્રારંભ થયો છે. બજારમાં રોજિંદા બે હજાર બોરી જેટલી આવક થાય છે. નવા માલો હવાવાળા હોય છે. આ વર્ષે પાકનું વધુ ઉત્પાદન થવાની શકતાઓ વધતા મથાળેથી ભાવમાં ધીમો ઘટાડો થતો જાય છે. બીજું સ્ટોકિસ્ટો અને હેજરો પાસે પણ અંદાજે દશ લાખ બોરી ઉપરાંતના જૂના માલોનો સ્ટોક હોવાનું કહેવાય છે. જેના પગલે જૂના માલની વેચવાલીનું દબાણ રહ્યું છે. આવી સ્થિતિમાં આગળ ઘટાડો થવાની શકયતા જોવાય છે. પાકના સારા ઉત્પાદનના અંદાજને લઈને હાલ વેપારમાં સાવધાની રાખવામાં આવી રહી છે.







(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલ ચિલોડા મોટા ખાતે દર વર્ષની પરંપરા મુજબ દર ૨૪મી ફેબ્રુઆરીના દિવસે યોજાતા ગામના ચોકમાં ફૂલવાળા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરબા મહોત્સવ શ્રી બળિયાદેવ મહારાજ તથા શ્રી મહાકાળી માતાના મંદિરના પાટોત્સવ નિમિત્તે ગામના યુવક મંડળ દ્વારા આયોજન કરાયું હતું. જેમાં વિવિધ દેવ-દેવીઓના માનતા-બાધાના ગરબા રાખવામાં આવે છે. આ ગરબા મહોત્સવમાં ૪૫થી વધુ ફુલવાળા શણગારેલા ગરબા લઈને ગામની મહિલાઓ ધાર્મિક ભાવનાથી સંગીતના સુરો સાથે ઘુમી પોતાની શ્રધ્ધા વ્યકત કરે છે. આ પ્રસંગે સમગ્ર ગામમાં મોટી સંખ્યામાં સગા-સંબંધી તથા સ્નેહીજનો ગરબા માણવા આવી પહોંચતા સમગ્ર ચોકમાં માનવમહેરામણ ઉમટી પડયું હતું. આ પ્રસંગે બળિયાદેવ અને મહાકાળી માતાના મંદિરે હવનવિધિનો કાર્યક્રમ યોજાયો હતો. આમ સમગ્ર કાર્યક્રમમાં ગામના ગરબાના રસિકો માથે માંડવરી લઈને ગરબે ઘુમતા નજરે પડે છે.

# દાંતીવાડા-પાલનપુર ખાતે ગુજરાત હોમગાર્ડઝ લીડરશીપ તાલીમ કેમ્પનું આયોજન

## ચિલોડા મોટા યુનિટના ૬ જવાનો તાલીમ માટે રવાના

ચિલોડા, તા. ૨૭

પાલનપુર દાંતીવાડા ખાતે તા. ૨૦મી ફેબ્રુઆરીથી ૫મી માર્ચ સુધી પંદર દિવસ ગુજરાત હોમગાર્ડઝ લીડરશીપ તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર જિલ્લાનાં ચિલોડા યુનિટમાં ૭ હોમગાર્ડને તાલીમ માટે ચિલોડા હોમગાર્ડઝ યુનિટનાં પ્લાટુન સાર્જન્ટ શ્રી બી.એન. જાદવે તાલીમ અર્થે રવાના કર્યા હતાં. આ હોમગાર્ડને બાબુભાઈ જાદવે સારા ટન આઉટ, ઉંચાઈ અને મજબૂત બાંધા ધરાવતા હોમગાર્ડની પસંદગી કરી હતી. આ તાલીમ હોમગાર્ડઝ પીટી, પરેડ, પદ કવાયત, લાઠી અને વેપન ટ્રેનીંગનો સમાવેશ થાય છે. આ તાલીમનો લાભ યુનિટ કક્ષાએ નવી ભરતી થયેલ હોમગાર્ડઝને મળશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ તાલીમ કેમ્પમાં ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટના એન.આર. પ્રજાપતિ, કે.જી. વાઘેલા, કે.કે. રાવળ, એસ.એલ. રાઠોડ, એસ.યુ. મારવાડી અને એ.આર. રાવળનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવું ચિલોડા હોમગાર્ડઝ યુનિટના પ્લાટુન સાર્જન્ટ શ્રી બી.એન. જાદવની આગેવાની હેઠળ તાલીમ અર્થે મોકલવામાં આવ્યા હોવાનું એક નિવેદનમાં જણાવ્યું હતું.

# તાજપુરના સર્વજલ પ્લાન્ટની વિદેશી પ્રતિનિધિએ મુલાકાત લીધી

પ્રાંતિજ, તા. ૨૭

પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે આવેલ સર્વજલ પ્લાન્ટની આજે કેટલાક વિદેશી મહેમાનોએ મુલાકાત લઈ તેના વિશેની માહિતી મેળવી પ્રભાવિત થયા હતા.

પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે સ્થિત મીઠા પાણીના સર્વજલ પ્લાન્ટની ફ્રાન્સના ઉગેઓ તથા સ્વિત્ઝરલેન્ડના રેનો નામના બે વિદેશી પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી અને આ પ્લાન્ટમાંથી કઈ રીતે પાણી મીઠું થાય છે તેની ઉંડાણપૂર્વક માહિતી સરપંચ જશંવત પટેલ અને રમેશભાઈ પટેલ પાસેથી મેળવી હતી અને ફ્રાન્સ અને સ્વિત્ઝરલેન્ડના ગામડાઓમાં આ પ્લાન્ટ નાખવા ઈચ્છા પણ વ્યકત કરી હતી. આ સમગ્ર મુલાકાત બાલકૃષ્ણ દવેની રાહબરી હેઠળ યોજાઈ હતી.

# ઈડરના ખેડૂતો આવકવેરા રીફંડની ત્રણ વર્ષથી રાહ જોવે છે

ગાંધીનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ભદ્રેસર ગામના ૨૩ ખેડૂતો છેલ્લા ત્રણ વર્ષથી તેમના હકનું થતું આવક-વેરા રીફંડ મેળવવાની ચાતક પક્ષીની જેમ રાહ જોઈ રહ્યા છે અને એક કચેરીથી બીજી કચેરીએ આંટાફેરા કરી રહ્યા છે. તેમ છતાં તેમની મુશ્કેલીનો કોઈ અંત આવતો નથી.

વર્ષ-૧૯૮૯ થી શરૂ થયેલી ગુહાઈ જળાશય યોજનામાં ૧૧૦ જેટલા ખેડૂતોની જમીન ડુબમાં ગઈ છે. તેના હાઈકોર્ટના ચુકાદા દ્વારા પ્રાપ્ત થયેલ વળતરની (વ્યાજ) રકમમાંથી આવકવેરા કચેરીમાં સીધો ટીડીએસ કાપી લેવામાં આવ્યો છે. રીટર્ન ભરનારની મદદ લઈ આ ૨૩ ખેડૂતોએ આજથી ૩ વર્ષ પહેલા સુપ્રીમ કોર્ટના આધાર સહિત ૬ રીટર્ન નિયત સમય મર્યાદામાં તથા ૧૭ રીટર્ન સમયમર્યાદા પછી હિંમતનગર ખાતે આવેલી આવકવેરા કચેરી ખાતે ભર્યા હતા. સમયમર્યાદા પછી રીટર્નો પણ કાયદાનુસાર યોગ્ય છે. અને તેથી કચેરી દ્વારા સ્વીકારાયા પણ છે. આ ૧૭ રીટર્ન મંજુરી અર્થે અમદાવાદ ખાતે (નવજીવન બિલ્ડીંગ) આવેલી આવકવેરા કચેરીમાં પડ્યા છે. તેનો પણ આજદિન સુધી નિકાલ થતો નથી.

૬ રિટર્ન સમયમર્યાદામાં હિંમતનગર ખાતે અધિકારીના ટેબલ ઉપર મંજૂરીની રાહમાં ૩ વર્ષથી પડ્યા છે. દર મહિને દસેક ખેડૂતોનું જૂથ જીપ ભરી આ બન્ને કચેરીએ આંટા મારે છે. પણ આધિકારી મગનું નામ મરી પાડતા નથી. હિંમતનગર અને અમદાવાદની કચેરીના અધિકારીઓ મીઠો આવકાર આપી ટુંકમાં થશે. 'થઈ જશે', 'ચિંતા ન કરો' જેવા જવાબો આપી નિર્દોષ અને સાચા ધરતીપૂત્રોને છેતરી રહ્યા છે.

અસરગ્રસ્ત ૨૩ ખેડૂતોને જેટલુ મોડુ રીપંડ મળશે તેટલા સમય માટે કેન્દ્ર સરકાર ઉપર વાર્ષિક ૧૨ ટકા વ્યાજ સાથએનો નાણાંકીય બોજો પડવાનો જ છે આ તો પાડાને વાંકે પખાલીને ડામ ! જેવી સ્થિતિ કહેવાશે. માટે આ સમગ્ર પ્રકરણની જીણવટભરી તપાસ કરી તમામે તમામ જવાબદાર કર્મચારી-અધિકારી પાસેથી રીફંડના વ્યાજની રકમ દંડ સ્વરૂપે વસુલ કરવા તંત્ર સમક્ષ માંગણી કરી છે. ખેડૂતો જાગશે તો ભલભલી સરકારને ભારે પડશે.

# ધનસુરા બાયડ રોડ ઉપર બાઈકની ટક્કરે યુવતી ઘાયલ

ધનસુરા, તા. ૨૭

ધનસુરા-બાયડ માર્ગ પર આજે સાંજના સમયે પૂરઝડપે બેફામરીતે બાઈક હંકારી એક બાઈક સવારે ૨૦ વર્ષીય યુવતીને અડફેટે લીધી હતી. જેથી યુવતીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવી હતી.

ધનસુરા બાયડ રોડ ઉપર આજે સાંજના સમયે બેફામ રીતે હંકારી જતા બાઈક સવાર દ્વારા ૨૦ વર્ષીય યુવતી દુર્ગાબેન શિવાભાઈ મારવાડી ચાલતા જતા હતા ત્યારે બેફામ દોડતી બાઈકે જોરદાર ટક્કર મારતાં રોડ ઉપર પટકાતાં ગંભીર લાગતાં વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવી હતી. ધનસુરા બાયડ રોડ ઉપર અવારનવાર બનતી આવી ઘટનાઓને ધ્યાને લઈ ટ્રાફિક પોલીસ દ્વારા ચોક્કસ કાર્યવાહી થાય તેમ સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

# ઊંઝામાં ધોળે દિવસે એકટીવા સ્કૂટરની ચોરી

ઊંઝા, તા. ૨૭

ઊંઝા ખાતે રમણવાડીમાં સમૂહલગ્ન પ્રસંગે હાજરી આપવા માટે ગયેલ એક વ્યકિતના એકટીવા સ્કૂટરની ધોળા દિવસે કોઈ તસ્કરો ચોરી કરીને લઈ ગયા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે ગાયત્રી રોહાઉસિંગમાં રહેતા હસમુખભાઈ પ્રહલાદભાઈ નાયક ગત તા. ૨૪-૨-૨૦૧૩ના રોજ પોતાનું એકટીવા સ્કૂટર નં. જીજે. ૨-એ.એલ. ૩૬૦૩ લઈને શહેરમાં આવેલ રમણવાડી ખાતે યોજાયેલ સમૂહલગ્નમાં ગયા હતા. જયાં બપોરના સમયે કોઈ તસ્કરો રમણવાડી આગળ પાર્ક કરેલ એકટીવા સ્કૂટરની ઉઠાંતરી કરીને કયાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# માણેકકૃપા વિદ્યાલય દ્વારા મેઘા સેમિનાર યોજાયો

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરની માણેકકૃપા વિદ્યાલય દ્વારા મેઘા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોના ઘડતર અને કારકિર્દી માટે શિક્ષણકાર્યની સાથે વિદ્યાર્થીઓને મુંઝવતા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ લાવવા તથા ધોરણ-૧૦ અને ૧૨ પછી શું ? તે અંગે માર્ગદર્શન આપવા માટે તાજેતરમાં સહકાર હોલ ખાતે હિંમતનગરની માણેકકૃપા વિદ્યાલયની ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે મેઘા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વાલીઓએ ઉપસ્થિત રહી મેળવેલ સિદ્ધિમાં શાળાનો ફાળો મહત્વનો છે. તે અંગે અભિપ્રાય વ્યક્ત કર્યા હતા. ઉપરાંત આ પ્રસંગે આચાર્ય ગિરીરાજ પંડ્યા, ગાયત્રી સિન્હા, અમીતા રાવલ તથા અન્ય શિક્ષકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ અને ૧૨ પછી શું ? તે અંગે વિસ્તૃત સમજ આપી મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગ વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન કરેલ પ્રોજેક્ટ વર્ક તથા અન્ય પ્રવૃત્તિઓની ઝાંખી કરાવતા ફાઈલ શોઈંગ કાર્યક્રમ યોજાયો હતો.

# સાબરકાંઠા જિલ્લામાં ડાક અદાલત યોજાશે

હિંમતનગર, તા. ૨૭

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિકાલ માટે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર મુકામે મુખ્ય પોસ્ટઓફિસના પહેલા માળે વિભાગીય કાર્યાલયમાં આગામી ૨૫મી માર્ચ-૨૦૧૩ના રોજ ૧૧ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ડાક અદાલતમાં ખાસ કરીને સાદી ટપાલ, રજિસ્ટર્ડ, મની ઓર્ડર, વી.પી. પાર્સલ, કાઉન્ટર સર્વિસ, સેવિંગ્સ બેંક તથા નાણાંકીય ગોલમાલને લગતા પ્રશ્નો ચર્ચવામાં આવશે.

આથી દરેક સંબંધકર્તાએ તેમના નીતિ વિષયક મુદ્દા સિવાયના પ્રશ્નો અધિક્ષક ડાકઘર, સાબરકાંઠા વિભાગ, હિંમતનગર ૩૮૩૦૦૧ ને મોડામાં મોડા તા. ૧૫ માર્ચ-૨૦૧૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા ત્યારબાદ મળેલ પ્રશ્નોને ધ્યાન પર લેવાશે નહી તેમ ડાક ઘરના અધિકારીએ જણાવ્યું છે.

# ધનસુરા-બાયડ માર્ગ પર બે ટ્રક પલટી મારી ગઈ

મોડાસા નડિયાદ ફોરલેન માર્ગનું કામ મંદ ગતિએ થાય છે. માર્ગ પર ઠેર ઠેર ડાયવર્ઝન આપેલા છે. ફોરલેન માર્ગનું કામ ચાલતું હોવાથી અત્યારે હાલ આ રોડ અકસ્માત ઝોન બની ગયો હોય તેવું લાગે છે. તાજેતરમાં ધનસુરાના ગેસ્ટહાઉસ સામે ડમ્પર રીક્ષા ટકરાતા બે વ્યકિત મોતને ભેટયા હતા જયારે ૪ વ્યકિત ઘાયલ થયા હતા. એક અકસ્માતમાં ચોખા ભરેલી ટ્રક પલટી મારી ગઈ હતી. જયારે આજે કંજરી પાસે બે ટ્રકો પલ્ટી મારી ગઈ હતી. જેમાં સદનસીબે ડ્રાઈવરોને કોઈ ઈજા પહોંચી નહોતી. અહીંના માર્ગ પર એક સાઈડ ડામર કામ ચાલુ છે. વાહનો બીજા સાઈડ પર જતા માટી, કાંકરીઓ અને ધુળની ડમરીઓ ઉડતા વાહનચાલકોને માર્ગ ન દેખાતા અને એક સાઈડનો રોડ ઉંચો હોવાથી વાહનો પલટી ખાઈ જાય છે. અકસ્માતો સર્જાતા રહે છે. ધનસુરા આસપાસના ગ્રામજનો ફોરલેન માર્ગનું કામ જલદી પુરું થાય અને અકસ્માતો બનતા અટકે તેમ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮